## આંક–૧ લગત હુકમ

(૧) સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯ અન્વયેના ગુનાનુ ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામા આવેલ છે.

(૨) સદર ફોજદારી કેસના કામે આરોપી સામે પ્રોસેસ કાઢવામા આવેલ, પરંતુ, આરોપીને પોલીસ મશીનરી રજુ કરી શકેલ નથી.

(૩) સદર કામે ફરીયાદી હાજર ધ્વારા સદર કામે કેસ આગળ ચલાવવો નથી તેવી રજુઆત કરી માંડવાળ કરવામા પરવાનગી માંગેલ છે, તે અન્વયે એપીપીશ્રી ધ્વારા પણ રજુઆત કરવામા આવેલ છે કે સદર કામે આરોપી લાંબા સમયથી મળી આવતો નથી તે કારણે ફરીયાદીને માંડવાળ કરવા પરવાનગી આપવી જોઈએ જે અન્વયે સદર કામે ફરીયાદીને માંડવાળ કરવા પરવાનગીજે માંગેલ તે મંજુર કરવામા આવેલ, જે અન્વયે ફરીયાદી (મીલકતનો માલીક) ધ્વારા સદર કામે સમાધાન થયેલાનુ જાહેર કરેલ છે.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૩૨૦ ધ્યાને લેતા સમાધાન માટે આરોપીની હાજરી ફરજીયાત રાખવામા આવેલ નથી. તેમજ ભોગ બનનાર ધ્વારા જયારે પોતે સમાધાન થયેલાનુ સ્વીકારીને માંડવાળ કરવા માટે અને સમાધાન થયેલાનુ સ્વીકાર કરતા હોય, અને તે મુજબની પુરસીસ ફરીયાદી (મિલરતના માલીક) તેમજ એપીપી ધ્વારા રજુ કરતા હોય તે અન્વયે સમાધાન મંજુર કરી નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

હુકમ

(૧) ફરીયાદીનુ સમાધાન મંજુર કરી આરોપીને સદર ગુનાના કામેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૩૨૦(૨)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકરાનો હુકમ કરવામા આવે છે.

(૨) સદર કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ ફરીયાદીને કાયમી રીતે સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૨/૦૩/૨૦૨૨.

(રીન્કુ રાજેષ દેસાઈ )

અમદાવાદ. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૯, અમદાવાદ.

( કોડ નં. જી.જે.૦૧૦૮૯)